# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧




કોઇ આપી ખોટાં પ્રમાણપત્રો, કૌભાંડ કરે છે -
તો કોઇ ભાગેડુને ભાતૃભાવે, કૌભાડ કરે છે -
તો કોઇ કરે છે સહાય ગુનેગાર અસીલને -
હવે કમળ પાંખડીઓ પણ, કૌભાંડ કરે છે..
(સ્મૃતિ-સુષ્મા-રાજે-પંકજા)




જાગ્યો છે હવે
વૃદ્ધો માં વીરરસ -
ચઢ્યા ધીંગાણે..
(શાસન વિરોધી સૂર)

પ્હેલા વર્ષાદે
પ્લાનીંગ પાણી પાણી -
આબરૂ તાણી..
('ભૂવા' ના ડાકલાં)

## ચિંતન

**યસ્ય નાસ્તિ સ્વયં પ્રજ્ઞા શાસ્ત્ર તસ્ય કરોતિ કિમ? । લોચનાભ્યામ્ વિહીનસ્ય દર્પણઃ કિં કરિષ્યતિ ॥**

'જેમની પાસે પોતાની બુદ્ધિ-અંતરસૂઝ નથી અને ભલા શાસ્ત્રો શું સહાય કરી શકવાનાં હતાં? જેને આંખો જ નથી એને દર્પણ પણ શું કરી શકે?'

શિક્ષણ-જ્ઞાન-વાચન-બોધ-શાસ્ત્રો સમજવા માટે પણ પોતાની-હૃદયની આંતરસૂઝ હોવી જરુરી છે. કોઇ વાતનું રહસ્ય-ઊંડાણ પામવા માટે પોતાની વિચારશક્તિ-સૂઝબૂઝ હોવી જરુરી છે.

શાળાના એક વર્ગમાં ૪૦-૫૦ વિદ્યાર્થીઓને શિક્ષક એક દાખલો સરખી રીતે-એક સાથે જ સમજાવે - ભણાવે છે છતાં એમાંથી માત્ર ૪-૫ વિદ્યાર્થીઓ શિક્ષકે સમજાવેલી પ્રક્રિયાને ગ્રહણ કરી લે છે. કેટલાક અર્ધુ-પર્ધુ સમજે છે તો કેટલાકના ઉપરથી જ નિકળી જાય છે.

વાચન-અભ્યાસ અને શિક્ષાણ સાથે સુપાત્ર વિદ્યાર્થીની આંતરસૂઝ પણ વિશેષ જરુરી છે.

## સુવિચાર

- જમીન પરથી છૂટા પડી ગયેલા વૃક્ષ પર વસંતની કોઇ અસર થતી નથી તેમ પ્રેમતત્ત્વથી વિખૂટા પડેલા આત્મા પર પ્રભુવચનની કોઇ અસર થતી નથી **- પ્રભુ પાદ**
- પરમાત્માને માર્ગે જવા પૈસા-પદ કે પ્રતિષ્ઠાના વૈભવની લેશમાત્ર જરુર નથી પરંતુ પ્રેમના વૈભવ વગર એ માર્ગ પર ડગલું ભરી શકાય તેમ નથી **- ડો. પ્રણવ પંડ્યા**
- જેમ માતાની આંગળી જો બાળકને માટે અભયનો સંદેશો છે, તેમ જ સદબુદ્ધિની હાજરી એ સાચા સાધક માટે અભયનો સંદેશો છે **- જ્ઞાનસૂત્ર**
- જીવનમાં કેટલા બધાં વર્ષો ધર્મની ચર્ચા કરવામાં વિતાવી દીધાં..!! આવો, હવે ધર્મને ચર્ચાનો વિષય બનાવીએ **- એસ. ભટ્ટાચાર્ય**
- ફેમીલી ડોકટર સાથે સંબંધ બગાડાય નહીં એવી સમજ ધરાવતો આજનો માનવી ફેમીલી સાથે વાતે વાતે બગાડે છે, એ આશ્ચર્ય નથી? **- ઓશો**
- બધાના સુખની ઇચ્છા કરવામાં જ સાચું સુખ છે **- ખલીલ જીબ્રાન**
- પાપી મન પાનખરના પાન જેવું છે, જે હવાના જરાક ધક્કાથી ખરી પડે છે **- પ્રેમચંદ**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

આપણા નેતાઓ 'સફાઇ ઝૂંબેશ' શરુ કરાવવા ફોટો શેસનમાં ભાગ તો લેતા હોય છે પણ પછી અદૃશ્ય થઇ જાય છે. 'નેતૃત્વ' એને કહેવાય જે સદાય લડત-ઝૂંબેશમાં અગ્રેસર રહે. સીમા પર થતાં યુદ્ધોમાં પણ બિચારા નાના 'સૈનિક' જ શહીદ થતા હોય છે.

અમેરિકામાં કોઇ યુદ્ધની પૂર્વતૈયારી ચાલુ હતી. એક ભારેખમ સિમેન્ટનો બીમ ખસેડવાનો હતો. પાંચ-સાત સૈનિકો હતા છતાં - ખસેડમાં થોડી તકલીફ હતી. કેપ્ટન ઘોડા પર બેઠો બેઠો મોટેથી સૂચનાઓ આપ્યા કરતો હતો.

ત્યાંથી એક મોટરગાડી પસાર થઈ. સીવીલીયન કપડામાંથી એક ડ્રાઇવર ઉતર્યો અને બીમ ખસેડવામાં સાથ આપ્યો. બીમ યોગ્ય જગ્યાએ મૂકાઇ ગયો. એ આગંતૂકે ઘોડા પર બેઠેલા કેપ્ટન પાસે જઇને કહ્યું. જો તમે ઘોડા ઉપરથી ઉતરી સૈનિકોને મદદ કરી હોત તો આ કામ વહેલું થઇ શક્યું હોત!

પેલાએ કહ્યું 'હું કેપ્ટન છું.'

આવનાર કહે - હું કમાન્ડર છું. હવે જયારે તમને કોઇ મદદની જરુર પડે ત્યારે મને બોલાવી લેજો! કોઇ માણસ ખૂટતો હોય તો હું આવી જઇશ!

આ ચીફ કમાંડર હતા. 'જયોર્જ વોશિંગ્ટન' તેમણે જિંદગીભર સૈનિક તરીકે કામ કર્યું અને અમેરિકાના પ્રમુખ બની શક્યા.

Email - sureshchandrabhatt18@gmail.com


# વર્ષાને જીવનદાત્રી અને રાણીનું બિરુદ અમથું નથી આપવામાં આવ્યું! એ છે તો આ જીવંતસૃષ્ટિ છે, આ સર્વત્ર ધબકતું અને ધડકતું અણમોલ જીવન છે, જો તેનું આગમન ન થાય તો મા ધરતીની આંખો ઠારતી લીલીછમ હરિયાળીને સ્થાને ઉજ્જડ વેરાન ભાસે!

**અમી ઝરતી વર્ષાનાં વધામણાં**

ધખધખતા ઉનાળાની બપોરની કાળઝાળ ગરમી અને ઉકળાટ સમગ્ર પ્રાણીજગત અને જીવસૃષ્ટિને અકળાવી રહ્યાં હતા. અગનઝાળ ઓકીને - અગનગોળા વરસાવી, ધરાને ધગધગતી મૂકી, ઊંચે આભને ઓવારે સૂર્યદેવ પલાયન થતા હતા, પરંતુ રાત્રિભર તેનો બફારો અને ઉકળાટ સમતો નહોતો! પશુ-પક્ષી-વૃક્ષ અને માનવ સુદ્ધાં - આખી સૃષ્ટિ ત્રાહિમામ પોકારી રહ્યાં હતા, ત્યારે આ ગરમીના મારમ અને વર્ષાઋતુના ધારણ અષાઢ માસનું આગમન થતાં, લોકો આશાનાં અમી પીતાં, આકાશ ભણી નજર રાખી, મેઘરાજાની આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યાં. ત્યાં જ આશાના કિરણરુપી કાળાંડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યાં, પરંતુ પાછાં હડિયાદોટ કાઢી, સંતાકૂકડી રમતાં જાણે સંતાવા લાગ્યાં - અલોપ થવા લાગ્યાં! ધરતીનો તાત આકાશ ભણી તાકી નિસાસા નાખવા લાગ્યો! ચાતક નજરે ટાંપી રહેલ સર્વ પ્રાણીજગત જળયાચના માટે જગતનિયંતા અને જીવનદાયીની વર્ષારાણીને વિનવી રહ્યાં! પરંતુ એ આશા ઠગારી નીવડી! ઊંચે આભ નજર કરતાં "અષાઢે પરાં વાદળાં પાસ આવે - જતાંવેંત જોવાની જુક્તિ જણાવે" ની જેમ વાદળો આવીને પળવારમાં વિખરાઇ જાય અને પાછી` જ લૂ ઝરતી, લાહ્ય લાહ્ય ગરમી! હા, કયાંક માલેતુજારો "વાતાનુકૂલક"માં આરામ ફરમાવે, પરંતુ તે પણ કયાં સુધી? જો કે હજુ અષાઢના આગમનને બહુ વાર થઇ નહોતી, પરંતુ વૈશાખ-જેઠના આકરા તાપથી ત્રાહિમામ્ પોકારી ગયેલ જીવાત્મા કરે પણ શું? અને આમેય માણસને ધીરજ પણ કયાં છે? અને આમેય આકાશમાં ગડગડાટ કરતાં ઘનઘોર વાદળો વર્ષ્યા વગર ચાલ્યાં જાય, એ પણ શેં સહેવાય!

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**



પરંતુ હાશ! કોઇક અબોલા જીવના ખરા આર્તનાદથી કરાયેલ દિલની - અંતઃકરણપૂર્વકની પ્રાર્થના-વિનવણી, માયાળુ મેહુલિયાએ વર્ષારાણીને પહોંચાડી અને મદઝરતી, સુવર્ણદાયી વર્ષારાણીએ સોળેકળાએ ખીલીને, તેના દૂત મેઘ મારફત, આભને ઓવારેથી મા ધરતીને અમૃતભરી અમીધારે ભીંજવવા, આકાશમાં દુદુંભિ ગડગડાવીને અવનિ પર અવતરણ કર્યું! ધરતી પર લીલાલહેરનાં પુનિત પગરણ મંડાયા અને સર્વત્ર આનંદની કિકિયારાઓ રાસડા લેવા લાગી! બ... આનંદ આનંદ!

વર્ષાને જીવનદાત્રી અને રાણીનું બિરુદ અમથું નથી આપવામાં આવ્યું! એ છે તો આ જીવંતસૃષ્ટિ છે, આ સર્વત્ર ધબકતું અને ધડકતું અણમોલ જીવન છે. જો તેનું આગમન ન થાય તો મા ધરતીની આંખો ઠારતી લીલીછમ હરિયાળીને સ્થાને ઉજ્જડ વેરાન ભાસે! અન્યથા, તેના વિના...? ...કોઇ જ વિચારને સ્થાન નથી, અવકાશ નથી! ... કદાચ... શૂન્યાવકાશ!

મોસમની પ્રથમ વર્ષાના ઝરમરતા વરસાદમાં ભીંજાવું એ પણ એક અણમોલ લ્હાવો છે! અને આવી વર્ષામાં ભીંજાઇને તરબતર થઇએ અને સોડમભર્યાં ગોટા અને ભજીયાં યાદ ન આવે તેવું બને? બસ, એવી જ મદઝરતી વર્ષારાણી ધરાને અમૃતધારે ભીંજવી રહી છેઅને આપણાં દિલ પણ કેવા અલૌકિક આનંદે ભીંજાઇ રહ્યાં છે! તો આવો, આપણે જીવનદાયીની વર્ષારાણીને હેતભર્યાં ઉમળકાથી આવકારીએ અને અંતઃકરણપૂર્વક પ્રેમથી વધાવીએ!

પ્રથમ વર્ષાના આગમને.... બારીએ ડોકીયું કરીએ અને આપણે અતીતના ઊંડાણમાં સરી પડીએ છીએ! આપણી સમક્ષ ચિત્રપટની માફક બાળપણનાં.... એક પછી એક દૃશ્યો દૃશ્યમાન થઇ, નજરથી ઓઝલ થતાં જાય! વરસતા વરસાદમાં ભીંજાવું... છબછબિયાં... કાગળની હોડી... એકબીજા પર પાણી અને કાદવનો છંટકા... મસ્તી! ...અને ત્યાં જ મેઘનાદનો ભયંકર ગડગડાટ અને આંખોને આંજી દેતો વીજલીનો તેજ-લીસીટો...! ગભરાઇને કિકિયારી સાથે, એકબીજાને બાથભરી હાંફવું... થોડીવાર પછી પૂનઃ એ જ મસ્તી, એ જ મોજ અને એજ છબછબિયાં....એકબીજા પર પાણીનો.... કાદવનો છંટકાવ ! ભીંજાયેલ કપડે, થરથરતાં ઘેર જતાં... માની મીઠી ડાંટ અને હાક... છી...!

મેહુલિયાનું અવતરણ હજુય તો કાલે જ થયું છે... કહો કે તે હજુ બાળવેશે છે! તે હજુ યુવાન થયો નથી... મતલબ કે મન મૂકીને વરસ્યો નથી. તેની અમીનજરથી વંચિત ઘણાં સ્થળો, મા વિનાનાં પ્રિત વછોયાં ગભરુ બાળ જેવા કોરાધાકોર રહ્યાં છે! જગતનો તાત આંખે હાથની છાલકી કરીને, કાળા-ડિંબાગ વાદળો તરફ આશાની મીટ માંડી તાકી રહ્યો છે! મનમાં બસ એક જ આશા છે કે, અષાઢી વાવણીની મોસમ વહી જાય છતે પહેલાં, વર્ષારાણી તેના દૂત મેઘને આદેશ કરે કે, ધરતીને ધરવ થાય તેવો, મન મૂકીને સર્વત્ર મૂળશધાર ખાબકે!

મેહુલિયાના આગમને મોરલાઓ ગહેંકી ઊઠ્યા છે... માનવમન હરખને હિલોળે ચડ્યું છે! ચાતક નજરે આભને નજરુંથી આંબી રહેલ જગતના તાત - ખેડૂતની તરસી આંખો અમીવર્ણી થઇ છે! અરે, અબોલા જીવ, પશુ-પક્ષી પ્રાણીમાત્રમાં જાણે જીવમાં જીવ આવ્યો છે!

પણ હા! ... કયાંક... કયાંક મદઝરતા મેહુલિયાની અતિકૃપાથી જળબંબાકાર થતાં, આવાં પ્રભાવિત સ્થળોએ દરેક જીવમાત્ર મુશ્કેલીમાં મૂકાઇ ગયેલ છે અને લોકો આ અતિવૃષ્ટિથી તોબા પોકારી જતાં, મેઘરાજાની આ અતિકૃપાને વખોડી રહ્યાં છે - ભાંડી રહ્યાં છે ! પરંતુ આમેય 'વહુ ' અને 'વરસાદ'ને કયારેય જશ મળ્યો હોય, એવું સાંભળ્યું છે ખરું?!

મઘમઘતા મેહુલિયાએ અમીવર્ષાથી આપણાં દિલને - ડિલને - દિમાગને ભીંજવી દીધા છે તેમ, આવો! આપણે પણ વહાલપની અમી ઝરતી વર્ષાથી સર્વેનાં હૃદય ભીંજવી તરબતર કરીએ અને માનવી છીએ તો માનવતાંનાં અમી રેલાવી, મારા-તારા અને દ્વેષભાવમાંથી બહાર આવી, મહામૂલા જીવનની સાર્થકતા કરીએ... 'દધિ'

**કાવ્ય સેતુ : મેહુલો રેલાયો**

પવને ચગી ફૂંકાયો સૂસવાટે,
જાણે લાહ્ય અનલછોલો વછૂટી!
શ્યામલ ઘન ચડ્યાં હડિયાં દોટે,
જાણે પવનતોખાર પાંખો ફૂટી!
નભોમંડળ ખાંડાખેલ ખેલાયો,
ગગનરણે તોપો ધણાધણ ફૂટી!
ધરતીનો ધણી મેહુલો રેલાયો,
મધુરી પરિમલ પમરાટ છૂટી!
નાચે મોરલા, કળે કળા ત્રિભંગ,
દિલડાની ઢળકતી ઢેલ ગહેંકી!
સૌ સૃષ્ટિમાં ઉમટ્યો ઉમંગ,
સુવાસ ધરતીની ઊઠી મહેંકી!
ધખતી ધરાએ શીતળતાં ધરી,
થૈ દધિ દિલે હાશ, ઉમંગ ભરી!

**- મૂળજીભાઇ પરમાર 'દધિ'**

# ફરજીયાત મતદાન : આ બૈલ મુજે માર

## ચર્ચાસભા

**- ભગવાનભાઇ ગોહેલ**

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ - ગ્રામ પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા વેગેરેની ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો કાયદો કરવાથી અનેક પ્રશ્નો ઊભા થઇ શકે તેમ છે. લોકશાહીમાં લોકોનું, લોકો માટે, લોકો દ્વારા શાસન ચાલે છે. એટલે કે દરેક નાગરિક સ્વતંત્ર છે. કોઇ પણ ગુના વગર તેનાં ઉપર બળજબરીથી કોઇ પણ ફરજ લાદી શકાય નહીં. આ રીતે દરેક નાગરિકને - મતદાતાને - એ અધિકાર મળે છે કે તેણે મત આપવો કે ન આપવાનો તે માટે તે સ્વતંત્ર છે. ફરજીયાત મતદાન આ ભાવનાથી તદ્દન વિરુદ્ધ છે, હા, દરેક નાગરિક મત આપવો જ જોઇએ એ પાયાની બાબત છે જ, પણ તેના માટે ફરજ પાડી શકાય નહીં. આમ કરવથી પહેલો પ્રશ્ન જ એ ઊભો થવા સંભવ છે કે આ કાયદો નાગરિકનાં મૂળભૂત અધિકાર ઉપર - સ્વતંત્રતાનાં અધિકાર ઉપર તરાપ મારવા બરાબર છે. વાસ્તવમાં અહીંની પ્રજા સંપૂર્ણ શિક્ષિત નથી અને બહોળો વર્ગ ગરીબ છે જેને મત કરતાં પોતાની રોજીરોટીની વધારે ચિંતા હોય છે. સરકારી કે અર્ધસરકારી અને મોટા ઉધોગ ગૃહો પોતાનાં કર્મચારીઓને મતદાનના દિવસે રજા આપે છે તે દરમિયાન તેમનો પગાર તો ચાલુ જ રહે છે. જયારે નાને વેપારી વર્ગ કે ખાનગી પેઢીમાં કામ કરનારને રજા મળવી મુશ્કેલ હોય છે. રજાનો પગાર કપાઇ જવાનો કે ધંધો ગુમાવવાનો ભય હોય છે. તે સિવાય ઘણાને પોતાનાં કામનું સ્થળ અને મત આપવાનું સ્થળ અલગ અલગ ગામોમાં હોઇ શકે છે. આવા સંજોગોમાં તે મત આપવાનું ટાળે એ સ્વાભાવિક છે. એ જ રીતે રોજે રોજ મજુરી કામ કરનારને પોતાની રોજી ગુમાવીને આર્થિક નુકશાન ભોગવીને મત આપવા માટે રજા રાખવી શક્ય જ નથી. પહેલાં રાષ્ટ્રીયતા આવે છે ત્યાર પછી સમાજ અને પછી બીજું બધું આવે છે. પણ વાસ્તવમાં પેટ તો બધાં કરતાં પહેલા આવે છે તેના માટે માણસ પોતાની રાષ્ટ્રીયતા પણ બદલી નાખે છે તે આપણે હાલમાં જોઇ રહ્યાં છીએ. અનેક લોકો ભારત બહાર વિદેશોમાં રોજગારી માટે જઇને ત્યાં જ સ્થાઇ થઇને ત્યાની રાષ્ટ્રીયતા અપનાવી લે છે. એટલે રોજગારીમાં ભોગે સરકાર દ્વારા ફરજીયાત મતદાનનો કાયદો કરવો અને પોતાના હાથે જ પગ ઉપર કુહાડો મારવા બરાબર સાબિત થશે.

ફરજીયાત મતદાનની દરખાસ્ત સરકાર દ્વારા ૨૦૦૯માં કરવામાં આવેલ ત્યારે જે જે વખતના રાજયપાલે તેને નકારેલ, તે હવે પુનજીવિત કરવામાં આવેલ છે. ફરજિયાત મતદાનમાં અમલથી પ્રથમ પગલે જ ચૂંટણી ખર્ચ બેવડાઇ જશે અને મત ન આપનાર સામે કાયદાકીય પગલાં લેવા અંગેનો વહીવટી ખર્ચ પણ ખૂબ જ વધી જશે. એવું બને કે આવા કેસોનો નિકાલ આવતાં બીજી ચૂંટણી આવી જાય! હાલાં આપણે જોઇએ છીએ કે કોર્ટ-કચેરીઓમાં કેસોનો ભરાવો એટલો બધો છે કે તેને પહોંચી વળાતું નથી. તેમાં આવા નવા કાયદાનાં કારણે કામના ભારણમાં ઓર વધારો થવાથી વર્ષોનાં વર્ષો કેસોનો નિકાસ ન આવવાથી વહીવટી રીતે કફોડી સ્થિતિનું નિર્માણ થવા સંભવ છે.

ફરજીયાત મતદાનમાં કાયદાનાં કારણે અનેક પ્રશ્નો ઊભા થવાની શક્યતાઓ છે.

(૧) કોઇ મતદાતા મતદાન ન કરે તો શું સજા કરવી અને કેટલી કરવી? અથવા તો દંડની રકમ કયા કારણોમાં કેટલી લેવી?

(૨) કેવા સંજોગોમાં મતદાનમાંથી મુક્તિ આપવી અને મુક્તિ માટે રજુ કરેલ કારણો સાચા છે કે ખોટા તેની ખરાઇ કરવાં જેવી વહીવટી પ્રશ્નો ઊભા થાય ત્યારે શું કરવું? અને શા પગલાં ભરવા જેવી બાબત સામે આવશે.

(૩) નવી ભરતીના અભાવે હાલનાં સંજોગોમાં જ વહીવટમાં કર્મચારીઓની કમી પ્રવર્તે છે અને પ્રવર્તમાન કામને તેનાં કારણે અસર પડી રહી છે અને સમય મર્યાદામાં કામનો નિકાલ આવતો નથી. ત્યારે આ નવા કાયદાથી ઊભા થનાર પ્રશ્નોને કંઇ રીતે પહોંચી વળવું એ પ્રશ્ન ઊભો થશે. હા, બજેટની ફાળવણી થાય છે અને બજેટમાં વધારો પણ થાય છે પણ કર્મચારીઓની ઘટનાં કારણે વધારાનાં બોજને કંઇ રીતે પહોંચી વળવું એ પાયાનો પ્રશ્ન ઊભો થશે.

આ બધા પ્રશ્નોની હારમાળા અનેક નવા પ્રશ્નો ઊભા કરે છે ત્યારે સાચો ઉપાય તો એ છે કે મતદાન ફરજીયાત કરવાનાં બદલે મતદાતાને પ્રોત્સાહન - ઉપહાર - રુપે કંઇક વધારાની સવલત આપવામાં આવે તેથી મતદાતા સામેથી મત આપવા આવે તો મતદાનની ટકાવારી સ્વયંમ સો ટકા સુધી પહોંચી શકે છે.

મતદાન કરવા આવનારને રાજય સરકારની સંસ્થાઓ દ્વારા લોન ઉપરનો વ્યાજ દર ઓછો લેવામાં આવે આનાથી ઉલટું મૂડીરોકામ ઉપર વધુ વ્યાજ આપવામાં આવે. સરકારી બસમાં રાહત દરે મુસાફરી કરવાની સુવિધા આપવામાં આવે. આ પ્રકારના અન્ય લાભોની વિચારણા કરવામાં આવે તો આપણાં માનસમાં સસ્તુ મેળવવાની જે માનિસકાત છે તે જોતા સેલનું પાટીયું વાંચીને સ્ત્રીઓ જ લલચાય છે તેમ નથી પુરુષો પણ લલચાય જાય છે. એકની સામ એક મફત કે ૬૦ ટકા રાહતનું પાટીયું વાંચતા જ ગ્રાહકો દુકાનમાં કે મોલમાં પ્રવેશી જાય છે અને કંઇ ને કંઇક ખરીદીને બહાર આવે છે એ જોતાં ઉપરોક્ત જાહેરાતથી ભણેલ કે અભણ, સાહેબ કે નોકર, માલિક કે મજુર હોંશે હોંશે સામેથી મત આપવા આવશે. સરકારને મતદાન ન કરનાર સામે પગલાં લઇને અળખામણા થવાનો પ્રશ્ન નહીં રહે અને સરકાર પોતાના હેતુમાં સફળ થવાથી ફરજીયાત મતદાનની ટકાવારી જેટલું જ મતદાન થશે.

આમ કરવાથી ફરજીયાત મતદાનનાં કારણે ચૂંટણીલક્ષી બજેટ બેવેડાઇ જવાનો પ્રશ્ન અને મતદાન ન કરનાર સામે પગલાં લેવા અંગેના પ્રશ્નો નહીં રહે. ઉપરથી લોકોનો મત આપવા તરફનો ઉત્સાહમાં વધારો થશે અને જે તે સરકારની વાહ વાહ થશે એ નફામાં...

હા, મત આપવો એ દરેકની પાયાની ફરજ છે, પણ મત ન આપવો એ સારી બાબત નથી જ. સાથે સાથે મતદાન ન કરીને આપ વર્તમાન રાજકીય ચર્ચા કરવાનો હક્ક ગુમાવો છો એ ધ્યાનમાં રહે!

# માણસો પતનનાં દોષ અન્ય પર ઓઢાડે છે અને યશના ભાગીદાર પોતે બને છે, અજ્ઞાનના કારણે તથા મોટા ભાગે તો અહમ્ના લીધે કોઇ પોતાનો દોષ જોતું નથી

## સંસ્કાર ચિંતન

**- અનંત ન. વ્યાસ**

સર્વ યંત્ર વિનેતાર સર્વે પંડિતમાનિનઃ
સરવ મહત્ત્વમિચ્છન્તિ તદ વૃન્દમવસિદતિ

'જ સમાજમાં બધા જ નેતા બની બેઠા હોય, જયાં સૌ પોતાને જ પંડિત, સર્વજ્ઞ માનતા હોય, જયાં બધા જ મહત્ત્વ ઇચ્છતા હોય, તે સમાજનું પતન થાય છે.'

- નીતિવાક્ય

સમાજના ઉત્થાન માટે વારંવાર ચિંતન-મનન કરવામાં આવે છે. પણ આવા સંમેલનોમાં સમાજના પતનના કારણોની વિસ્તૃત ચર્ચાઓ પણ થવી જોઇએ કારણ કે 'પતન અભ્યુદ્ય બન્ધુર્યથા' પતન થતા અભ્યુદય તો સાથે ગતિ કરવા માર્ગો છે. સમાજના પતનના યોગ્ય કારણો જાણ્યા વિના, તથા તેનો નિકાલ કર્યા વિના અભ્યુદયના તમામ પ્રયાસો નિષ્ફળ જ જાય છે. પતનના મૂળમાં એવા કારણો હોય છે કે જેને સમજ્યા વિના કરતા પ્રયત્નો પાણી વલોવવા જેવા થઇ રહે છે. વાત વ્યક્તિગત હોય કે સામાજિક, કોઇ પણ એક પ્રદેશની હોય કે સમગ્ર-રાષ્ટ્રની, પતનનો પાર પામ્યા વિના ઉન્નતિના પથ પર દોડી શકાતું નથી. સમાજ તો વ્યક્તિને બનેલો છે. માટે સમાજને સુધારવો એટલે તો વ્યક્તિનું સુધરવું ગાયત્રી પરિવારનું સૂત્ર છે. 'આપણે બદલશું... તો સમાજ બદલશે... આપણે સુધરશું તો સમાજ આપોઆપ સુધરશે.' આમ સમાજ સુધારણા માટે તો વ્યક્તિ સુધારણા પાયાનું કર્તવ્ય ગણાય. જે લોકોને સમાજ પ્રગતિ કરે તે ગમતું હોય તેઓથી પોતાના તથા અન્ય વ્યક્તિના મનમાં પડેલા કેટલાક દોષોનું પ્રથમ નિવારણ કરવું જોઇએ.

વ્યક્તિગતના જીવનમાં તો તેનો સ્વભાવ જ નિર્ણાયક ભાગ ભજવતો હોય છે. માણસો પતનનાં દોષ અન્ય પર ઓઢાડે છે અને યશના ભાગીદાર પોતે બને છે. અજ્ઞાનના કારણે તથા મોટા ભાગે તો અહમ્ના લીધે કોઇ પોતાનો દોષ જોતું નથી. પ્રગટિ માટેનાં પ્રથમ આવશ્યક નિયમ તો શિસ્ત પાલનના છે. આ શિસ્ત કયારે પળાય? જયારે એક વ્યક્તિ માન્ય નેતા હોય ત્યારે. પણ સમાજમાં સૌ પોતાનો જ નેતા ગણીને વર્તવા માંડે તો? આજે આપણા રાષ્ટ્રની સ્થિતિ આ પ્રકારે છે સૌને નેતા થવું છે. કોઇને અનુયાયી રહેવું નથી. પોતાની જાતને નેતા બનાવવા નવા નવા પક્ષો સ્થપાય છે. નેતાગીરી તો મારીજ - તેવું અભિમાનપૂર્વક બોલાય છે. હવે એ વિચરવાનું છે જયાં સહું સાહેબો હોય ને કોઇ કામ કરનારું ન હોય તો કાર્યનું શું થાય.

કાર્ય કયારેય સફળ ન થાય. વળી આવા લોકો નેતાગીરી પ્રાપ્ત કરવામાં સાચા-ખોટા માર્ગો અપનાવે છે તેઓ માટે પક્ષની શિસ્તનું કોઇ ધોરણ નથી. કહેવત છે કે ઝાઝા રસોયાએ રસોઇ બગડે - જાજી સુયાણીથી તો વેતર વંઠે - સૌ નેતા બની ઘોંચ--પરોણોં કરતા હોય ત્યાં કામ ન જ થાય. પરંતુ આવું કશું વિચાર્યા વિના જ લોકો પોતાની કક્ષા સમજ્યા વિના જ નેતા બનવા ઊભા થઇ જાય છે. પોતાને જ સર્વોચ્ચ માનનારાઓ મહત્ત્વના નિર્ણયોમાં પણ જાણકારનું માર્ગદર્શન જરા પણ મેળવતા નથી. સરવાળે જે નુકશાન થાય છે તે તો સમસ્ય સમાજને ભોગવવું પડે છે. રાષ્ટ્ર માટે હિતકારક પ્રશ્નો જયારે જયારે લોકસભામાં આવ્યા છે. ત્યારે ત્યારે નેતા બનવાના અભરખાવાળા લોકોએ તેની ટીકા કરી છે. પોતે કોઇના અનુયાયી નથી ને અન્યની વાત કયારે પણ તેઓ સ્વીકારશે નહીં તેવી ડંફાશ મારી છે. અમારા નાના ગામમાં એટલા બધા નેતાઓ છે કે ગામનું કોઇ કામ થતું નથી.

નેતાગીરીના અભરખાં પછી તો વધારે વ્યાપક રોગ પોતાની જાતને સર્વજ્ઞ માનવાનો છે કેટલાક વડિલો પોતે બધી જ જાણકારી ધરાવે છે તેવા મિથ્યાભિમાનમાં રાચતા હોય છે. ચાણક્ય કહે છે 'કળિયુગમાં તો ઘરેઘર પંડિતો હશે. પોતાની પંડિતાઇના બણંગા ફૂંકનારાઓ પણ હશે. આવા માણસનો કશું સાચું કામ કરતાં નથી પરંતુ ચાલતા કામમાં પથર રોડવે છે.' જે વાતનો પોતાનો એકડો પણ નથી જાણતા તે માટે સલાહ આપતાં તેઓ શરમાતા નથી. લોકશાહીની આ પ્રથામાં ઘણા અયોગ્ય માણસો એવા સ્થાન પર પહોંચે છે જયાં તેમનાં મંતવ્યો સાંભળવા પડતા હોય છે. નિષ્ણાંતોની મિટીંગમાં ચેરમેન પદે બેઠેલાં રાજકારણી ભાગ્યે જ નિષ્ણાંત હોય છે. આમ છતાં પોતાનું અજ્ઞાન વધાર્યા વિના ચાલતું નથી.

**(અપૂર્ણ)**